# રાજકોટ ખાતે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફીસના નવા મકાનના ખાત મુર્હુત પ્રસંગે.

રાજકોટ ખાતે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફીસ માટે રૂ. ૪ કરોડના ખર્ચે નવી બંધાનાર કોર્પોરેટ ઓફીસનું ખાત મુર્હુત માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલના વરદ હસ્તે તા.૧૩/૦૯/૨૦૦૮ ને શનિવારના રોજ કરવામાં આવેલ.

માનનીય ઉર્જા મંત્રીશ્રીએ ખાત મુર્હુત સમારોહમાં ઉપસ્થિત મેદની તેમજ કર્મચારીગણને ઉર્જા ક્ષેત્રે હાથ ધરવામાં આવેલ કાર્યો તેમજ ભાવિ યોજના વિશે વિગતવાર જણાવેલ. ખાસ તો તેમણે અધિકારીઓ અને કર્મચારીઓને ટીએન્ડડી લોસ ઘટાડવા તેમજ વીજ ગ્રાહકોને હકારાત્મક અને સંતોષજનક પરિણામો આપવા માટે તત્પર રહેવા જણાવેલ. જ્યારે માનનીય સંસદસભ્યશ્રી વિજયભાઇ રૂપાણીએ સારી ગ્રાહક સેવા આપવા ઉપર પણ ભાર મુકેલ. માનનીય ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલે અંડર ગ્રાઉન્ડ વીજ લાઇન કરવા અંગે વિચાર રજુ કર્યો હતો. માનનીય ધારાસભ્ય શ્રીમતિ ભાનુબેન બાબરીયાએ ગામડામાં જ્યોતિગ્રામ યોજના થકી થયેલ લાભો માટે ગુજરાત સરકારશ્રી અને કંપનીને બિરદાવી હતી. મેયર શ્રીમતિ સંધ્યાબેન વ્યાસે ઉર્જા બચત અને એનર્જી ઓડીટ ઉપર ભાર મૂકેલ.

ઉર્જા મંત્રીશ્રીએ પત્રકાર પરિષદને સંબોધેલ અને તેમાં તેમણે હાલની અને ભવિષ્યની ઉર્જાનીતિ વિશે જણાવેલ.